# મોટર સાયકલની સવારીમાં ઘોડેસવારીની છટા છે

**ઘટ ઘટ પાની**

★ માવજી મહેશ્વરી

ભારતમાં હિન્દુ દેવતાઓના જુદાં જુદાં વાહનો છે. રામાયણ મહાભારતની કથામાં વધુ અશ્વો જોડાયેલા રથની કલ્પના છે. સૂર્યદેવતાનો રથ સાત ઘોડા ખેંચે છે. તેમ છતાં ભારતના પુરાણોમાં સીધી રેખામાં જોડાયેલા બે પૈડાંવાળાં વાહનની કોઈ ભાળ મળતી નથી. એવી કલ્પના કોઈને કેમ નહીં આવી હોય, એવો વિચાર ટેક્નોલોજીમાં પશ્ચિમી જગતનો દબદબો જોઈને જરૂર આવે છે. પશ્ચિમી દિમાગ ભૌતિક શાસ્ત્રને વધુ સાકાર કરી શક્યું છે, એશિયા સ્વભાવથી અધ્યાત્મિક હોઈ ઈશ્વરને સર્વોપરી માની ઊંડાણમાં જવાનું ટાળે છે. આખાય વિશ્વ પર અસર પાડનારી પશ્ચિમી દિમાગની કેટલીક શોધો પૈકી એક શોધ છે મોટર સાયકલની. મોટરસાયકલ, મોટર બાઈક અથવા બાઈક નામે ઓળખાતા આજના આધુનિક દ્વિચક્રી વાહનની શોધ ગોટલીબ ડેમલર અને વિલીયમ બેક નામના બે જર્મન મિત્રોએ ૧૮૮૫ કરી હતી. જોકે મોટર સાયકલનું પહેલું મોડેલ ૧૮૬૭માં અમેરિકામાં હાવર્ડ રોપેર નામના વ્યક્તિએ બનાવ્યું હતું અને તે વરાળથી ચાલતું હતી. જેને ૧૮૮૫માં પેટ્રોલીયમ ઈંધણનું સ્વરૂપ અપાયું. મોટર સાયકલની સવારીમાં ઘોડેસવારીની અદા, રોફ, દમામ, દેખાવ, છટા જેવા બધા જ ગુણો છે. એટલે યુવાન બાઈક પર બેસે છે તે સાથે એનો મિજાજ બદલાઈ જાય છે.

મોટર સાયકલનું સુધારેલું સ્વરૂપ ૧૮૯૪માં પહેલીવાર બજારમાં મુકાયું. એનું નામ હિલ્ડ બ્રાન્ડ એન્ડ વુલ્ફમૂલર હતું. તે વખતે તેને રાઈડીંગ કાર કહેવાતું. એક વર્ષ બાદ ૧૮૯૫માં ઈ. જે. પેનિંગ્ટન નામના અમેરીકન વ્યક્તિએ મોટર સાયકલ નામ આપીને થોડું સુધારેલું મોડેલ બજારમાં મૂકીને દાવો કર્યો કે તેની આ મોટર સાયકલ કલાકના ૫૮ કિમીની ઝડપે દોડી શકે છે. પરંતુ ૧૯૦૪માં અમેરિકાની ઈન્ડિયન મોટર સાયકલ મેન્યુફેક્ચરીંગ કંપનીએ ‘ઈન્ડિયન’ નામે લાલ રંગની મોટર સાયકલ બજારમાં મુકી. આ મોટર સાયકલ લાખોની સંખ્યામાં વેચાઈ. એ ગાળમાં

**આખાય વિશ્વ પર અસર પાડનારી પશ્ચિમી દિમાગની કેટલીક શોધો પૈકી એક શોધ છે મોટર સાયકલની**

જ એક ઘટના ઘટી. ૧૯૦૬ની આસપાસ મોટર સાયકલ રેસ નામની રમત શરુ થઈ. એ રમતના કારણે પશ્ચિમના ઈજનેરોએ મોટર સાયકલની ડીઝાઈન ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું અને બહુ ટુંકા ગાળામાં રેસર બાઈક બજારમાં આવી. રેસર બાઈક બે જાતની હોય છે. એક સપાટ રસ્તા માટે અને બીજી કાચા અને ઉબડ ખાબડ રસ્તા માટે. બીજા પ્રકારની રેસર બાઈકને ડર્ટબાઈક કહેવાય છે. તે પછી હાર્લિડે વિડસન નામની અમેરિકન કંપની સામે ઈન્ડિયન બાઈક જુનવાણી લાગવા માંડી. આ કંપનીની બાઈક હોલીવુડની ફિલ્મોમાં વધારે દેખા દે છે.

મોટર સાયકલના ઉત્પાદન અને ખરીદીમાં લશ્કર અને પોલીસનો ફાળો વિશેષ છે. આ વાહન આજે પણ વર્દીધારીની શાન બની રહે છે. ઉપરાંત રાજકીય નેતાઓના કાફલાનું પાયલોટીંગ કરતું બાઈકર જુથ એક રોમાંચ ઊભો કરે છે. લશ્કરમાં મોટર સાયકલ કમાન્ડો ઊભા કરવાનો શ્રેય ક્રુર શાસક ગણાવાયેલા હીટલરને ભાગે જાય છે. ૧૯૫૧ની આસપાસ BSA નામની બાઈક જગતમાં એ વખતે સૌથી વધુ વેચાતી બાઈક હતી. પરંતુ એ ગાળામાં જાપાનની હોન્ડા, કાવાસાકી, યામાહા અને સુઝુકી જેવી કંપનીઓએ મોટર સાયકલ નિર્માણમાં ઝુકાવ્યું. તે સાથે જ યુરોપીયન બજારના હાજાં ગગડી ગયાં. આ કંપનીઓએ બાઈકને એટલી હદે હેતુલક્ષી અને સસ્તી બનાવી કે યુરોપની ખર્ચાળ મોટર સાયકલ કંપનીઓના પાટિયાં ઉતરી ગયાં.

એનાથી મોટો વળાંક આવવાનો હજુ બાકી હતો. એ હતો મોટર સાયકલનો ભારતમાં પ્રવેશ. જોકે ૧૯૫૦ પહેલા ભારતમાં મોટર સાયકલ હતી, પણ વિદેશી બનાવટની હતી. સામાન્ય ભારતીય આ થ્રિલર વાહનથી હજુ દૂર હતો. ૧૯૫૫ની સાલમાં ભારતની લશ્કરી માગ માટે બ્રિટનની રોયલ એન ફિલ્ડ કંપનીના પાર્ટસ આયાત કરી ચેન્નઈ ખાતે ૩૫૦ સીસીનું પ્રથમ ભારતીય બાઈક સેનાએ દોડતું કર્યું. પરંતુ સાચા અર્થમાં મોટર સાયકલ ભારતીય સમાજમાં ૧૯૮૦ની આસપાસ દાખલ થઈ. હીરો નામની સાયકલ બનાવતી કંપનીએ જાપાનની હોન્ડા કંપની સાથે જોડાણ કરી ૧૦૦ સીસીની બાઈક ભારતની બજારમાં ઉતારી. તે સાથે જ ભારતીય વાહન બજારમાં હો હા મચી ગઈ. નમાવીને ચાલુ કરાતા, મડિયલ ઢાંઢા જેવા ટુ સ્ટ્રોક સ્કૂટર ચલાવી ચલાવીને કંટાળી ગયેલા ભારતીયો હીરો હોન્ડા કંપનીની બાઈક ખરીદવા રીતસર તુટી પડ્યા. પાંચ જ વર્ષમાં ભારતના રસ્તાઓ ઉપર સંખ્યાબંધ બાઈક્સ દેખાવા લાગી. ભારતીય પ્રજાએ જ હીરો હોન્ડા કંપનીને વિશ્વની સૌથી મોટી બાઈક ઉત્પાદક કંપની બનાવી દીધી. તે પછીના દોઢ દાયકામાં તો ભારતીય યુવાનો ઉપર મોટર સાયકલનો ખુમાર છવાઈ ગયો. જોકે હવે આ દ્વિચક્રી વાહન સરેરાશ ભારતીયોની રોજિંદી જરુરીયાત બની ગયું છે. એક સમય એવો પણ હતો કે ભારતમાં આ વાહન માત્ર પુરુષોની જાગીર ગણાતી. આધુનિક ભારતીય સ્ત્રીએ ગઢમાં ગાબડાં પાડ્યાં છે. કંઈક અંશે ભારતીય સ્ત્રીઓના પોષાકમાં આવેલું પરિવર્તન પણ દ્વીચક્રી વાહનો થકી છે. બાઈક ચલાવનારાએ એક વાત જાણી લેવી જરુરી છે. જગતમાં વાહનો વિશે થયેલા આધારભુત સંશોધનો દર્શાવે છે કે તમામ વાહનોમાં સૌથી જોખમી વાહન મોટર સાયકલ છે.




# ફૂલવાદી સમુદાયની સ્થિતિ પ્રિમિટીવ ટ્રાઈબ્સ જેવી



**આપણી આસપાસ**

★ મિત્તલ પટેલ

“મોગવા જવું કુન ગમ્. એક ખભે લાકડાના સેડે બોંધેલી કપડાની ઝોળીમો મારુ ધાવણુ સોકરુ ઊંધ્યું હોય અન્ બીજા ખભે દોણા મોગવાની ખાલી ઝોળી. કોઈના ઓગણે જઈન્ લોટ ક દોણા મોગીયે અન્ ઘરધણી દોણા આલવા આવ એ વખતે ઝોળીમોંથી વાટકો કાઢવા જઉં તાણ બીજી બાજુ ઝોળીમોં ઊંઘાડેલું મારુ સોકરુ ઓમ પડુ પડુ થઈ જાય. ઘણીવાર તો સોકરાન ઓમ મોડ મોડ હેઠે પડતું બચાઉં. ઓમ હૈયુ બેહી જાય. પાસુ આવુ થાય એટલ દોણા આલવા આયેલી બઈ પાસી સીખોમણ આલ. અલી બુન, આ નેના સોકરાન્ ઘેર મેલીન્ આવતી હોય તો! કેવો તાપ હ્. ઈમો ઈન લઈન્ ઓમ રખડે તે? એવું કે, તાર કેવાનું મન થઈ જાય ક, આવા આકરા તાપમો રખડવું કુન ગમ્, પણ અમાર પાહે ચો તમાર જેવી જમી ક માલઢોર હ. મજૂરી હેડ તો હૂદી ખેતરમોં મજૂરી કરીએ. તાણય્ આ સોકરુ તો હારે જ હોય. ઈન બે ઝાડ ક બે લાકડાના ટેકા કરીન વચમો હાલ્લા(સાડી)ની ઝોળી કરીન નોખી દઈએ ન્ અમે કોમ કરીએ. પણ કોમ ના હોય તાણ હું કરવાનું? સેતીમોં(ખેતી) મજૂરી હેડ તો હુદી કાળી મજૂરી કરીએ પણ એ મજૂરી મલ ઈમોથી મજૂરી વનાના દાડા નેકળ એટલું ભેરુ ના થાય. એટલે ના સૂટકે પેટનો ખાડો પૂરવા મોગવા....

બનાસકાંઠાના કાકરગામની ફૂલવાદી વસાહતમાં રહેતા ગીતાબહેનને અમે સિલાઈ મશીન આપ્યું. એ સિલાઈ મશીન મળ્યું તે હવે શું કરશે એ સવાલના જવાબમાં એમણે આટલી લાંબી વિપદા કહી દીધી.

ફૂલવાદી સમુદાય સામાજિક, શૈક્ષણિક અને આર્થિક રીતે અન્ય સમાજો કરતા ઘણો પાછળ. આદિવાસી સમુદાયોમાં ‘પ્રિમીટીવ ટ્રાઈબ્સ’ (Primitive Tribes) એવી એક જુદી કેટેગરી છે. ભારતીય બંધારણ અને નૃવંશવિજ્ઞાનની દ્રષ્ટિએ ‘પ્રિમીટીવ ટ્રાઈબ્સ’ (Primitive Tribes) એટલે એવા આદિવાસી સમૂહો જે મુખ્યધારાથી ઘણા દૂર છે અને જેમની જીવનશૈલી હજુ પણ અતિ પ્રાચીન છે.૧૯૭૩માં ઢેબર કમિશન દ્વારા આદિવાસીઓ વચ્ચે રહેલા વિકાસના તફાવતને ધ્યાને રાખીને આ એક અલગ શ્રેણી બનાવવામાં આવી હતી. જે આદિવાસી સમુદાયો અન્ય આદિવાસીઓ કરતાં પણ વધુ પછાત છે, તેમને ‘પ્રિમીટીવ ટ્રાઈબ્સ’માં સમાવવામાં આવ્યા.

ભારત સરકાર દ્વારા આ સમુદાય નક્કી કરવા માટેચાર મુખ્ય માપદંડો (Criteria) નક્કી કરવામાં આવ્યા, એક- તેઓ ખેતી માટે હજુ પણ હળ કે આધુનિક સાધનોને બદલે લાકડી કે પથ્થરના જૂના સાધનો વાપરે અથવા શિકાર અને ખોરાક એકત્ર કરવા પર નિર્ભર રહે. બીજુ- એમની વસતિ સ્થિર હોય અથવા સતત ઘટતી જતી હોય. ત્રીજુ- તેમનામાં સાક્ષરતા દર અત્યંત નીચો હોય. આખા સમુદાયમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ નહિવત જેવું હોય. ચોથુ- તેઓ પોતાના અસ્તિત્વ ટકાવવા પૂરતું જ ઉત્પાદન કે કામ કરતા હોય, નફા કે વેપારનો ઉદ્દેશ્ય ન હોય. આ ચાર ગુણો ધરાવતા સમુદાયોને સરકારે પ્રિમિટીવ ગણ્યા. ગુજરાતમાં આ માપદંડના આધારે ચાર તેમજ આખા દેશમાં 75 જાતિઓને પ્રિમીટીવ ગણવામાં આવી છે ને એમના માટે અલાયદા પ્રાવધાન સરકાર દ્વારા થયા છે.

**ભીખ માંગવી ગમતી નથી, પણ ના છુટકે આત્મસન્માન ગીરો મુકીને એમણે હાથમાં વાટકો પકડવો પડે. આવામાં સરકારે પ્રિમીટીવ ટ્રાઈબ્સના કલ્યાણ માટે જેમ ઢગલો યોજનાઓ ઘડી એવી ફુલવાદી સમુદાય માટે ઘડે તે જરૂરી**

ફૂલવાદી સમુદાયની સ્થિતિ પ્રિમિટીવ ટ્રાઈબ્સ જેવી જ છે. સરકારે નક્કી કરેલા ચાર માપદંડોમાંથી એમની વસતિનો માપદંડ આ સમુદાયોને લાગુ નહીં પડે એ સિવાય ખેતી માટેની ટુકડોય જમીન એમની પાસે નથી. સાપના ખેલ કરીને પેટિયું રળતો આ સમુદાય હાલ તો ખેતમજૂરી પર ને એ ન મળે ત્યારે ભીખ માંગીને ગુજારો કરે છે. તેમનામાં શિક્ષણનું પ્રમાણ પણ નહીવત જેવું છે. અમે ફૂલવાદી સમુદાયના 350 છી વધારો ઘરે જ્યાં આવેલા છે તે કાકરગામમાં પાછલા સાત વર્ષથી આ સમુદાયના બાળકો ભણે તે માટે પ્રયત્નો કરીએ. આટલા વર્ષોના પ્રયત્નોના અંતે મેવો કરીને પહેલો દીકરો 9મા ધોરણમાં પહોંચ્યો. બાકી દિકરી પાંચ અને દીકરો આઠ ધોરણથી આગળ ભણતા નથી.

કહે છે કે, જે સમુદાયની આર્થિક, સામાજિક સ્થિતિ ખરાબ હોય તે સમાજની સ્ત્રીઓની દશા તો અકલ્પનીય. ફુલવાદી સમુદાયમાં આજે પણ સગર્ભાબહેનોને પોષણયુક્ત આહાર મળતો નથી. તેઓ સરકારની યોજનાઓની મદદ પણ મેળવી નથી શકતા. સગર્ભા થાય ત્યારે એમની નોંધણી એમનું કાયમી વતન હોય ત્યાં થાય પણ આ પરિવારો તો કામ અર્થે રઝળપાટ કરે. ને જ્યાં એ વિચરણ કરે ત્યાં એમને સુવિધા મળે નહીં. આજે પણ આ સમુદાયની ઘણી બહેનોની પ્રસુતિ વસાહતમાં દાયણ બેહનો દ્વારા થાય છે.

આ સમુદાયની બહેનોના પહેરવેશ ખાસ પ્રકારનાને બહેનો એ હાથેથી સીવે. માંગવું ગમે નહીં એટલે ગીતા અને કકુંનામની બહેનોએ એમના ઘરવાળાને મશીન લાવી આપવા કહેલું પણ એમની પાસે એ લેવાની સગવડ નહીં.

ગીતા સાથે અમારી વાત થઈ તો એણે કહ્યું, “અમારી વસાવટમાં રેતી દસ બેનોને તમે મશીન આલો તો એ બધીયે બેઠી બેઠી કપડાં સિબ્બાનું કોમ કર. ગોમે ગોમ ઈમનું ભટકવાનું બંધ થાય. બચારી બેનો બકરાં રાખ અન્ ધાવણા સોકરા લઈન્ એ બકરા ચરાબ્બા જાય. બકરુ કોઈ સેડૂ (ખેડૂત)ના ખેતરમોં ગરી ના જાય ઈનું ધ્યોન રાખવાનું. ન તોય જો બકરુ સેતરમો જતુ રે તો અમારેય એ વાડ આઘી પાસી કરીન્ ઈની હેઠેથી ખેતરમોં જવાનું. એક બાજુ ઝોળીમો સોકરુ ન બીજી બાજુ બકરુ..” આ બધી પીડામાંથી છુટવા બહેનોને સિલાઈ મશીન જોઈતું હતું. દસ બહેનોને સિલાઈ મશીન આપીશું તો બધાને કામ મળશેએવું પુછતા કંકુએ, પોતાના ઘરના ખૂણામાં પડેલો કપડાનો ઢગલો બતાવ્યો ને કહ્યું, “કાકરમોં અમારા હાડા તૈઈણસો ઘર. દરેક ઘરમાં બાઈઓ તો હોવાની જ્. સોકરીઓ પણ ઘણી. અમાર પાહે હાલ જ એટલું કોમ સ ક પોચી નઈ વળાતુ. આ સિવાય અમારી બીજી વસાવટો, રાધનપુર, હારીજ તોથીયે અમન્ કોમ મલ્. એટલે કોમની ચિંત્યા નઈ. પણ હવ્ ભટકવું નહીં.” ભીખ માંગવી ગમતી નથી. પણ પેટ કરાવે વેઢ. ના છુટકે આત્મસન્માન ગીરો મુકીને એમણે હાથમાં વાટકો પકડવો પડે. આવામાં સરકારે પ્રિમીટીવ ટ્રાઈબ્સના કલ્યાણ માટે જેમ ઢગલો યોજનાઓ ઘડી છે. કરોડો રૂપિયાના બજેટ એમને પછાતપણામાંથી બહાર લાવવા માટે ખર્ચાય છે. આવા બજેટ ફુલવાદી સમુદાય માટે ખર્ચાય એ પણ જરૂરી. અમારી સાથે સંકળાયેલા પ્રિય ડો. અલિમભાઈ અડાતિયા સાથે આ બહેનો અંગે વાત થઈ. હાલ તેઓ આફ્રિકા રહે ને વ્યવસાયે એ ઓર્થોપેડિક સર્જન. અલ્લાહ, ઈશ્વરના આ નેક બંદાએ આ બહેનો માટે સિલાઈ મશીન મોકલી આપ્યા. દસ બહેનોની નવી સફર શરૃ થઈ પણ કામની જરૂર તો આખા ફૂલવાદી સમાજને..